તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા અને છોટી સરદારની જેવી સિરિયલોમાં કામ કરવા માટે જાણીતી અભિનેત્રી પૂજા શર્મા આ દિવસોમાં ફિલ્મ 'મિશન ગ્રે હાઉસ'ને લઈને ચર્ચામાં છે, હાલમાં જ્યારે 'ગુજરાતમિત્ર' સાથે ઇન્ટરવ્યૂ દરમિયાન થયેલી વાતચીતમાં તેમણે ઘણી બધી પોતાના અંગત જીવન અને કામ અંગેની રસપ્રદ વાતો શેર કરી તેના મુખ્ય અંશ પ્રસ્તુત:

# જીવનમાં ક્યારેય અભિનેત્રી બનવાનું વિચાર્યું ન હતું: પૂજા શર્મા

**'મિશન ગ્રે હાઉસ' ફિલ્મમાં તમે કેવું પાત્ર ભજવી રહ્યા છો?**

આ ફિલ્મમાં મર્ડર મિસ્ટ્રીની સંપૂર્ણ સ્ટોરી છે. મારું પાત્ર પોલીસ ઈન્સ્પેક્ટરનું છે અને આ ફિલ્મમાં હીરો છે તેમણે ભણ્યા વગર શોર્ટકટ મેથડ દ્વારા ઈન્સ્પેક્ટર બનવું છે અને મારા પિતા આઈજી છે જે અમને બંનેને મિશન પર મોકલે છે. બાદમાં અમે ગ્રે હાઉસમાં ફસાઈ જઈએ છીએ. પછી તેમાંથી કેવી રીતે બહાર નીકળીએ છીએ તે બતાવવામાં આવ્યું છે. મારું પાત્ર ખૂબ જ સારું છે.

**આ ફિલ્મ તમને કેવી રીતે ઓફર કરવામાં આવી?**

મને ખબર પડી કે આ ફિલ્મનું નિર્દેશન કરી રહેલા નૌશાદ સિદ્દીકી એક ફિલ્મ માટે ઓડિશન લઈ રહ્યા છે. પછી મેં તેમને મારા જૂના ઓડિશન મોકલ્યા. બાદમાં નૌશાદ સિદ્દીકીએ મને તેમની ઓફિસમાં બોલાવી. પછી તેણે મને સીન સંભળાવ્યો, પછી મેં તે સીન કર્યો અને પછી પ્રોજેક્ટ આગળ વધ્યો અને હું આ ફિલ્મમાં લીડ રોલ કરી રહી છું.

**રાજેશ શર્મા, કિરણ કુમાર જેવા વરિષ્ઠ કલાકારો સાથે સ્ક્રીન શેર કરવાનું તમને કેવું લાગ્યું?**

તમામ વરિષ્ઠ કલાકારો તેમના કામમાં ખૂબ જ સારા છે. મારા મોટા ભાગના સીન રાજેશ સર અને કિરણ સર સાથે હતા. મને આ બે વરિષ્ઠ કલાકારો સાથે કામ કરવાની ખૂબ જ મજા આવી. રાજેશ સર સાથે મારી સારી બોન્ડિંગ હતી. કારણ કે તેણે મારા પિતાની ભૂમિકા ભજવી હતી અને મેં સેટ પર તેમની પાસેથી ઘણું શીખ્યું હતું.

**તમે અભિનેત્રી બનવાનો રસ્તો કેમ પસંદ કર્યો?**

મેં મારા જીવનમાં ક્યારેય વિચાર્યું ન હતું કે હું અભિનેત્રી બનવા માંગુ છું. હું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનો અભ્યાસ કરી રહી હતી અને તેથી જ હું મુંબઈ આવી હતી.એક દિવસ જ્યારે હું મલાડના ઝારા મોલમાં ગઈ. ત્યાં હું કાસ્ટિંગ ડિરેક્ટરને મળી. અને તેણે કહ્યું કે એક જાહેરાત છે જેમાં મોડેલની જરૂર છે તો તમે કરી શકો છો. પછી મેં તેના માટે ઓડિશન આપ્યું. પણ હું સિલેક્ટ ન થઈ, મને ખબર પડી કે મારે એક્ટિંગ કરવી જોઈએ. જ્યારે હું બીજી વખત મુંબઈ આવી ત્યારે મેં નક્કી કર્યું કે હવે મારે આ ફિલ્ડમાં આગળ વધવું છે.

**ઇન્ડસ્ટ્રીમાં સ્ત્રી અભિનેત્રીઓ માટે ઘણા પડકારો છે અને ફિલ્મોમાં પણ સ્ત્રી પાત્રોને બહુ મહત્ત્વ આપવામાં આવતું નથી, શું તમે ક્યારેય નાનપ અનુભવી છે?**

આજે જમાનો ઘણો બદલાઈ ગયો છે. તેમ છતાં, ક્યાંક ને ક્યાંક, અભિનેત્રીઓ માટે ઘણા વ્યક્તિગત પડકારો રહે છે. શરૂઆતમાં હું જ્યારે મુંબઈ આવી ત્યારે ઘણી વખત મને ઓડિશનમાં રિજેક્ટ કરવામાં આવી હતી. કારણ કે તેઓ પહેલાથી જ અન્ય અભિનેત્રીનું કાસ્ટિંગ કરી ચૂક્યા હોય છે. એક વાર મને મ્યુઝિક આલ્બમ માટે પસંદ કરવામાં આવી. પાછળથી કોરિયોગ્રાફરે ના પાડી દીધી, કારણ કે તેણે અન્ય અભિનેત્રીની પસંદગી કરી હતી. ઘણી વખત અભિનેત્રી સાથે અન્યાય થાય છે, જેમ કે સાઉથ અને બોલિવૂડ ફિલ્મોમાં જ્યારે હીરો એન્ટ્રી કરે છે ત્યારે સસ્પેન્સ સાથે કરવામાં આવે છે. બીજી તરફ હિરોઈનની એન્ટ્રી સામાન્ય બતાવવામાં આવી છે.

**તમે મર્યાદિત ભૂમિકાઓ ભજવો છો?**

એવું નથી, પરંતુ જ્યારે પણ મને કોઈ પાત્ર માટે ઑફર મળે છે ત્યારે હું સૌથી પહેલાં બધું જોઉં છું. કારણ કે હું ઈન્ડસ્ટ્રીમાં ઘણા સમયથી નથી. હું મારી જાતને વિશ્લેષણ કરું છું કે હું તે પાત્ર ભજવવા સક્ષમ છું કે નહીં. 'છોટી સરદારની'માં મેં જે પાત્ર ભજવ્યું હતું તે સાદી છોકરીનું હતું. મેં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં થોડું કોમેડી જેવું પાત્ર ભજવ્યું હતું.

**તમે બોલિવૂડના કયા અભિનેતા સાથે સ્ક્રીન શેર કરવા માંગો છો?**

રણવીર સિંહ અને વિકી કૌશલ, જો આપણે તેમની ગુણવત્તા વિશે વાત કરીએ તો, રણવીર સિંહમાં સારી ગુણવત્તા છે, તે બહુમુખી પ્રતિભા ધરાવતા અભિનેતા છે. તેને જે પણ રોલ આપવામાં આવે છે તે તે સારી રીતે નિભાવે છે. પદ્માવતીમાં તેણે જે પાત્ર ભજવ્યું હતું. મને નથી લાગતું કે બોલિવૂડનો અન્ય કોઈ અભિનેતા આવું પાત્ર ભજવી શકે. મને વિકી કૌશલની એક્ટિંગ ખૂબ જ ગમે છે. હું આ બંને કલાકારો સાથે સ્ક્રીન શેર કરવા માંગુ છું. ●

ફેસ ટુ ફેસ
-દિનેશ ઝાલા




મહિલા અભિનેત્રીઓને વ્યક્તિગત પડકારોનો સામનો કરવો પડે છે: પૂજા

# 'રામાયણ'ની રામ(મોહન)કહાની

**'રામાયણ ધ લેજન્ડ ઓફ પ્રિન્સ રામ' બનાવતા ખૂબ સમય લાગ્યો. જેમાં લગભગ 450થી વધુ કલાકારોએ હાથેથી બનાવેલા 100,000 જેટલા ચિત્રો સામેલ છે. યુગો સાકોએ તેમને સંભળાવી દીધેલું કે, "જાપાનમાં એનિમેશન એ ગંભીર વ્યવસાય છે." ટી.વી. પર રિલીઝ કરવા છતાં તેને જોઈએ એવો પ્રતિસાદ નહોતો મળી રહ્યો. જે હવે રિલીઝ થવાની છે**

થિયેટરોમાં હાલ નવી ફિલ્મ કરતા જુની ફિલ્મો વધારે રિલીઝ થઈ રહી છે. 'સત્યા' રી-રિલીઝ થયા બાદ એક એનિમેશન ફિલ્મ તેના બન્યાનાં 31 વર્ષ બાદ પહેલી વાર થિયેટરમાં રિલીઝ થવા જઈ રહી છે. જાપાની અનિમે સિનેમાના ધુરંધર યુગો સાકોએ બનાવેલી 'રામાયણ ધ લેજન્ડ ઓફ પ્રિન્સ રામ' સિનેમા પ્રેમીઓએ લગભગ આ ફિલ્મ જોઈ ચૂક્યા હશે, હવે આ ફિલ્મ 4K; વધારે સુધારા અને તેના પ્યોર આર્ટ, મ્યૂઝિક, વિઝ્યુઅલ એક્સપિર્યન્સ વધારવા 24 જાન્યુઆરીએ રી-રિલીઝ થઈ રહી છે.

ફિલ્મ બનવા પાછળની કહાની 3 ડિરેક્ટરમાંના રામ મોહને એક ઈન્ટરવ્યૂમાં કંઈક આમ જણાવ્યું "1984નો સમય હતો. જાપાનના યુગો સાકો રામાયણ વાંચી રહ્યા હતા. (યુગો સાકો નામદાર ડિરેક્ટર, પ્રોડ્યુસર અને ભારતીય સંસ્કૃતિના ફૉલોઅર) તેઓ માત્ર દસ્તાવેજી ફિલ્મોનું નિર્માણ કરતાં હતાં. રામાયણ પૂર્ણ કર્યાં પછી તેમને લાગ્યું કે આ કથામાં એનિમેશન બનવાની પૂરતી સંભાવનાઓ છે. પરંતુ ભેજામાં એક વાત ઠસાવીને રાખેલી કે આ ફિલ્મ તેઓ સ્વતંત્ર રીતે નહીં બનાવે.





આમાં તેમને ભારતનો સહયોગ જોતો હતો, એ ભારત આવ્યા અને કેટલાય લોકોને મળ્યા. એમાં એમની મારી(રામ મોહન) સાથે મુલાકાત થઈ. ત્યારે પી.ટી. શર્માને પટકથા લેખક તરીકે રોક્યા. રામાયણ જેવા વિશાળ વિષય પર ફિલ્મ બનાવવી જાપાની યુગો સાકોનું એકલાનું કામ નહોતું. તેમાં ભારતીય એનિમેશન ફિલ્મના જનક- શતરંજ કે ખિલાડી, કામચોર જેવી ફિલ્મોમાં એનિમેશન બનાવનારા પદ્મશ્રી રામ મોહન પણ જોડાયા. યુગો સાકો, રામ મોહન સિવાય દિગ્દર્શક તરીકે ત્રીજું નામ લાગ્યુ કોઈચી સાસાકી.

બાલ્કની

ખુબ વિસ્તૃત અને વૈવિધ્ય ધરાવતી રામાયણમાંથી કેટલું લેવું અને કેટલું ન લેવું તે વિશે એમણે ખાસ્સું મનોમંથન કરેલું. કુલ એક બે નહીં પણ છ લોકોએ મળી પટકથા લખી હતી. ત્રણ ભારતીય અને ત્રણ જાપાની!

ફિલ્મને ભારતીય સર્જકો પાસેથી ઈમોશન્સ મળ્યા અને જાપાની સર્જકો પાસેથી આર્ટ! તે સમયે ભારત સરકારનું એવું કહેવું હતું કે રામાયણ એ ખૂબ જ સંવેદનશીલ વિષય છે. તેને કાર્ટુનમાં ચિત્રિત ન કરાય. ચાર વર્ષ સુધી પ્રયાસો કર્યાં પણ સરકાર ન માની. અંતે યુગો કંટાળ્યા અને તેમણે રામાયણને એકલા હાથે જાપાનીઝ પ્રોડક્શન બનાવવાનું શરુ કર્યુ. "એમણે મને જાપાન આવવાનું નોતરું મોકલ્યું. હું ટોક્યો ગયો. અમને ફિલ્મ બનાવતા ખૂબ સમય લાગ્યો. "ટોક્યોમાં જઈને મેં તેની ડિઝાઈન તૈયાર કરી, તેના હાવભાવ તૈયાર કર્યાં, તેનું પરફોર્મન્સ તૈયાર કર્યું. એ બિચારા તો જાણતા જ નહોતાં કે ધોતી કેવી રીતે બનાવવી એટલે એ પાયજામાનું ચિત્રકામ કરી નાખતા" આ ફિલ્મ બનાવતા ખૂબ સમય લાગ્યો. જેમાં લગભગ 450 થી વધુ કલાકારોએ હાથેથી બનાવેલા 100,000 જેટલા ચિત્રો સામેલ છે. અરુણ ગોવિલે રામના પાત્રને અવાજ આપ્યો હતો, નમ્રતા સાહનીએ સીતાને અવાજ આપ્યો, અમરીશ પૂરી રાવણ, તો શત્રુઘ્ન સિંહા નરેટર તરીકે અને વનરાજ ભાટીયાનું સંગીત સાંભળવા મળશે.

આટલી મહેનત બાદ બનેલી ફિલ્મ રિલીઝ જ ન થઈ ઉલટાકનો વિરોધ થયેલો. 1993માં IFFIમાં અને થિયેટરમાં રિલીઝ થવાની હતી પણ 1992ની ઘટના બાદ દેશની હાલત અને અમુક પક્ષોનું કહેવું હતું કે અમારા ઈશ્વર આમ કાર્ટુન ન હોય, જાપાન એમ્બેસીને લેટર લખી વિરોધ કર્યો. ત્યારે મેકર યુગો સાકોએ તેમને સંભળાવી દીધેલું કે,

"જાપાનમાં એનિમેશન એ ગંભીર વ્યવસાય છે. આ કારણે રામાયણને વિશ્વભરમાંથી દર્શકો મળશે."ટી.વી. પર રિલીઝ કરવા છતાં તેને જોઈએ એવો પ્રતિસાદ નહોતો મળી રહ્યો. તેને 1995 પછી કેટલી વખત દૂરદર્શન પર બતાવી હશે. પણ અંતે કાર્ટુન નેટવર્ક આવી ગયું. અને દશેરા અને દિવાળી પર ફિલ્મ પ્રસારિત કરી. પછી તો જાણે ઈતિહાસ રચાઈ ગયો. વીસીડી અને ડિવીડીના જમાનામાં ફિલ્મ ચપોચપ ઉપડવા લાગી, પણ થિયેટરનાથી વંચિત રહી ગયા હતા. જેની કમી હવે પૂરી થશે, દર્શકો ખુબ ઉત્સાહી છે આ ફિલ્મને ફરી થિયેટરમાં જોવા. ●

# ગુજરાતી ઓડિયન્સ 'ઉંબરો' ઓળંગો

દર શુક્રવારે રિલીઝ થતી ફિલ્મો વચ્ચે ગુજરાતી ફિલ્મનું થિયેટરમાં રિલીઝ થવું હવે નવાઈની વાત નથી રહી. પહેલા કેટલીયે રાહ જોયા પછી ફિલ્મો આવતી અને ક્યારે થિયેટરમાંથી ઉતરી જતી તેની ખબર રહેતી નહીં. પાછલા વર્ષે જાન્યુઆરી 2024માં 4 ગુજરાતી ફિલ્મો રિલીઝ થઇ હતી. જ્યારે આ વર્ષે જાન્યુઆરી 2025માં 6 ફિલ્મો રિલીઝ થવાની છે. જેમાની 4 ફિલ્મ રિલીઝ થઇ ચુકી છે, અને આ અઠવાડિયે વધુ એક ગુજરાતી ફિલ્મ થિયેટરનો 'ઉંબરો' ચડવાની છે.

2025માં અત્યાર સુધીની રિલીઝ થયેલી ફિલ્મોમાં ઘણી વિવિધતા જોવા મળી છે. એક પણ ફિલ્મ સરખા વિષય પર નથી બની, હવે રિલીઝ થઇ રહેલી ઉંબરો પણ એવી જ છે. ઉંબરો વિષે જાણતા પહેલા તેના 3 રાઈટરમાંના એક અને ડિરેક્ટર અભિષેક વિષે જાણીયે. જેમણે આ પહેલા હેલ્લારો બનાવી હતી. જોકે આ ઓળખ કરતા વધારે મોટી ઓળખ તેમની ગુજરાતી ફિલ્મમાં કાસ્ટિંગ ડિરેક્ટર તરીકેની છે. મોટાભાગની ફિલ્મ, વેબસિરીઝમાં તેઓ કાસ્ટિંગ ડિરેક્ટર રહ્યા છે. પહેલી જ ફિલ્મ નેશનલ એવોર્ડ અપાવે એટલે ઑડિયન્સ અને તમારી પોતાની અપેક્ષા વધી જાય તે સ્વાભાવિક છે. એટલે હવે આવી રહેલી ઉંબરો પર લોકની ખાસ નજર છે. આ ફિલ્મમાં પણ હેલ્લારોની જેમ વાર્તાના કેન્દ્રમાં સ્ત્રી છે. એકબીજાથી અજાણી અમદાવાદની સાત સ્ત્રીઓ, અજાણ્યા શહેર લંડન જઈ રહી છે! આ સાત મહિલાઓમાં કલાકાર તરીકે વંદના પાઠક, કાજલ ઓઝા વૈદ્ય, સુચેતા ત્રિવેદી, દીક્ષા જોષી, તર્જની ભાડલા, તેજલ પંચાસરા(ડિરેક્ટરના પત્ની), વિનીતા જોશી છે. ગુજરાતી સિનેમાની શ્રેષ્ઠ કહી શકાય તેવી અભિનેત્રીઓ ફિલ્મમાં દેખાવાની છે.



અભિષેક કાસ્ટિંગ ડિરેક્ટર તરીકે પરફેક્ટ છે તેની પરખ આ કાસ્ટિંગ પરથી કરી શકાય. જે વાત હેલ્લારો માટે પણ લાગૂ પડે છે, બીજી સમાનતા છે એક્ટર આર્જવ ત્રિવેદી અને સંગીતકાર મેહુલ સુરતી. સિનેમાને આપણે સમાજનો અરીસો કહીયે. ત્યારે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બનતી ફિલ્મમાં સ્ત્રીઓની વાર્તા કહેતી ઘણી સારી ફિલ્મ બની છે. કચ્છ એક્સપ્રેસ, હેલ્લરો જેવી ઘણી બધી ફિલ્મોના ઉદાહરણ આપણી પાસે છે. ઉંબરો પણ તે યાદીમાં સામેલ થશે. ફિલ્મ સારી કે ખરાબ તે ચર્ચા પહેલા જરૂરી બાબત છે ફિલ્મ બનાવવી, તે થઈ રહ્યું છે. 2024માં લગભગ 77 જેટલી ગુજરાતી ફિલ્મો બની હતી અને હાલમાં જ આવેલા એક મીડિયા કંપનીના રિપોર્ટ મુજબ મલયાલમ સિનેમા પછી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હતી જેણે પોતાનું બોક્સઓફિસ કલેશન વધાર્યું છે. ગુજરાતી સિનેમાએ 2023ની સરખામણીમાં કલેક્શન બાબતે 66% ગ્રોથ નોંધાવ્યો છે.

અપકમિંગ

ગુજરાતી ફિલ્મોએ પહેલીવાર રૂ. 80 કરોડનો આંકડો પાર કર્યો છે. 20 કરોડથી વધુની કમાણી કરનાર ઝમકુડીએ (ફરી 'સ્ત્રી') બોક્સઓફિસ પર સફળ રહી હતી. ઉંબરો ફિલ્મ સારી હશે કે ખરાબ તેની ચર્ચા જોયા પછી થશે પણ તે માટે હવે ઑડિયન્સ થિયેટરના ઉંબરે પહોંચે તે જરૂરી છે. જેનાથી નવી ફિલ્મો નવા વિષય સાથે બનતી રહે, જોવા મળતી રહે. ●

# બડી 'સયાની' હૈ...

સયાની ગુપ્તા તેના ખ્વાબોનાં ઝમેલા સાથે આગળ વધી રહી છે. ક્યારેક વેબ સિરીઝ તો ક્યારેક ફિલ્મો, તેણે હવે માધ્યમભેદ કરવાનું મૂકી દીધું છે. કામ મળતું રહે તે મહત્ત્વનું છે અને 'ઇન્સાઇડ એજ' યા 'ફોર મોર શોટ્સ પ્લિઝ' વેબ સિરીઝનાં તેના કામને ખૂબ પ્રશંસા પણ મળી છે. એવાં કામ વચ્ચે તેની 'આર્ટિકલ 15' આવી હતી. તે જાણે છે કે સામાન્યપણે તો પુરુષ અભિનેતાકેન્દ્રી જ ફિલ્મોમાં કામ કરવાનું છે. મહિલાકેન્દ્રી ફિલ્મોને પૂરતો પ્રેક્ષક વર્ગ મળતો નથી અને એવી ફિલ્મો શ્રીદેવીથી માંડી દીપિકા પાદુકોણે, કરીના, આલિયા ભટ્ટ કે તાપસી પન્નુને મળી શકે. સયાનીને હજુ પ્રતીક્ષા કરવાની છે.

સયાનીએ આરંભથી જ શોર્ટ ફિલ્મો પણ સ્વીકારી છે પણ 'માર્ગારિટા વિથ એ સ્ટ્રો'માં તે ખાનુમ તરીકે પ્રેક્ષકોની નજરમાં વસી ગયેલી. શાહરૂખ ખાનની 'ફેન'માં તેની પાસે નાની પણ મસ્તીની ભૂમિકા હતી. 'જોલી એલ એલ બી'માં હીના સિદ્દીકી તરીકે તેણે એક ખાસ જગ્યા ઊભી કરેલી. તેને શાહરૂખ, અક્ષયકુમાર જ નહીં રણબીર કપૂર સાથેની 'જગ્ગા જાસૂસ' પણ મળી છે.

સારા વિષય ધરાવતી ફિલ્મો તેને મળતી રહે છે જેમાં 'ઓગસ્ટ 25' અને 'આર્ટિકલ 15' ઉપરાંત 'પગલૈત' પણ કહી શકો. ફિલ્મો પૂરતી સફળ ન રહે તો તેનાં કળાકારોને ભોગવવાનું આવે છે. પણ સયાની પોતાનો રસ્તો ઢૂંઢી લે છે. હમણાં તે 'કોલ મી બે'માં આવી હતી અને હવે શોર્ટ ફિલ્મ 'ડિયર મેન'માં આવે છે. તે કહે છે કે શોર્ટ ફિલ્મના વિષયો ખૂબ મઝાના હોય છે અને ત્યાં ઘણા પ્રયોગો થાય છે. આ શોર્ટ ફિલ્મ જોવાનું હવે પ્રેક્ષકોને ગમે પણ છે. સયાની પાસે 'વેર ધ વિન્ડ્સ બ્લો' ફિલ્મ છે જેમાં એક યુવતીની હિમાલયનાં ઊંચાં શિખરો પણ પહોંચવાની અજાણી યાત્રાનું સાહસ છે. આ પ્રકારની ફિલ્મ બહુ બનતી નથી. કર્મા ટકાપા નામના દિગ્દર્શકની એ ફિલ્મ છે જેની અગાઉની ફિલ્મો આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવોમાં પ્રશંસા પામી ચૂકી છે.

**સયાનીએ આરંભથી જ શોર્ટ ફિલ્મો પણ સ્વીકારી છે પણ 'માર્ગારિટા વિથ એ સ્ટ્રો'માં તે ખાનુમ તરીકે પ્રેક્ષકોની નજરમાં વસી ગયેલી. શાહરૂખ ખાનની 'ફેન'માં તેની પાસે નાની પણ મસ્તીની ભૂમિકા હતી**

સ્ક્રિનિંગ

39 વર્ષની થઇ ચૂકેલી સયાની મોટા લક્ષ્ય રાખીને જ આગળ ચાલે છે. કોલકાતાની સયાની ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટયૂટમાંથી ગ્રેજયુએટ થઇને ફિલ્મોમાં આવી છે. તે બોલ્ડ પાત્રો ભજવવામાં જરાય ખચકાતી નથી. 'પોશમ પા'માં તે સ્ક્રિઝોફેનિક ખૂનીની ભૂમિકામાં હતી. સયાની ગુપ્તા જયારે પણ ફિલ્મમાં આવે છે ત્યારે ખાસ પાત્રથી છવાઇ જાય છે. તેની આવી રહેલી ફિલ્મમાં તે શિખર પર પહોંચશે.

